### ટ્રાફિક જંકશન પરથી બેટરી ચોરનાર આરોપીઓની ચોંકાવનારી કબૂલાત

# આરોપીઓએ સુરત પોલીસની ઈજ્જતના ધજાગરા ઉડાવ્યા

**અગાઉ** પણ ટ્રાફિક જંક્શનો પરથી ચોરી કરી હતી પરંતુ પોલીસે ફરિયાદ જ નહીં કરી હતી

**પોલીસ** પોતાની ચોરાતી મત્તા માટે જ કંઇ નહીં કરતી હોવાની પોલ ખૂલી ગઇ

**પોલીસની** આ કામગીરીથી ફલિત થાય છે કે સામાન્ય પ્રજા કેટલી પીંસાતી હશે?

સુરતઃશહેર પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક નિયંત્રણો માટે અલગ-અલગ વિસ્તારોમાં અલગ અલગ જંક્શનો પર ટ્રાફિક સિગ્નલો મુકાયા છે. જેમાંથી વરાછા, કતારગામ, પુણા, ઉત્રાણ, મહિધરપુરાના ટ્રાફિક સિગ્નલો પરથી પણ બે આરોપીઓ દ્વારા બેટરીઓ ચોરી કરી હોવાની ચોંકાવનારી હકીકત બહાર આવી છે. આ ભંગારીયાઓ પકડાતાની સાથે જ શહેર પોલીસની પોલ ખુલી ગઈ છે. પોલીસના જ સિગ્નલ ચોરાયા હોવા છતાં કોઈ ફરિયાદ નહીં દાખલ થતાં બેફામ બનેલા ચોરોએ આવા જંક્શનોને જ ટારગેટ બનાવીને તેની બેટરી ચોરવાનું શરૂ કર્યું હતું.

પોલીસ પોતાની ચીજ વસ્તુઓની ચોરી માટે જ સજાગ નહીં હોય તો સામાન્ય પ્રજાનું શું થતું હશે તે સમજી શકાય છે. વરાછા વિસ્તારમાં પૂણા વિસ્તારમાં અને ઉત્રાણ તથા મહિધરપુરા વિસ્તારમાં આ લોકોએ અંદાજે દસ જેટલા સ્થળોએ ચોરી કરી છે પરંતુ પોલીસે આ ફરિયાદ ચોપડે દાખલ કરી નથી. આમ ભંગારીયાઓ પોલીસ ફરિયાદ દાખલ નહીં થતા બિન્દાસ્ત થઈ ગયા હતા અને તેઓ ચોરી કરતા હતા. આ આંકડો મોટો થતા આખરે પોલીસે ફરિયાદ દાખલ કરવી પડી હતી. અલબત જો પોલીસ પોતાના અંદરમાં રહેલા સિગ્નલ સાચવી શકતી નહી હોય અને ફરિયાદ દાખલ કરતી નહી હોય તો સામાન્ય વ્યકિતની તો વિસાત જ શું કરવી આ તમામમાં ગત રોજ કતારગામના અલગ અલગ સિગ્નલ પોંઈન્ટ પરથી બેટરીઓની ચોરી કરનાર અજય ભરતભાઈ મકવાણા(ઉ.20,રહે. હીરાબાગ બ્રીજ નીચે) અને ખરીદીનાર પ્રવીણકુમાર પરષોતમભાઈ સુરેલા (ઉ.28,રહે. હિરાનગર-1, પર્વતગામ, મૂળ રહે.સુરેન્દ્ર નગર) જે બંને આરોપીઓને ગઈ 13મીએ કતારગામ પોલીસે પકડી પાડયા હતા. આ બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી એક દિવસના કતારગામ પોલીસે રિમાન્ડ મેળવ્યા હતા.રિમાન્ડ મેળવી કતારગામ પોલીસે આરોપીઓની વધુ પૂછપરછ કરતાં શહેરના વરાછા વિસ્તારમાંથી 18 પુણા વિસ્તારમાંથી 15, મહિધરપુરા અને ઉત્રાણ વિસ્તારમાંથી 6-6 બેટરીઓ મળી કુલ 51બેટરીઓની ચોરી કરી હોવાની ચોંકાવનારી હકીકત સામે આવી હતી. બંને આરોપીઓ વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં બેટરી ચોરીના ગુનાઓ નોંધાયા છે.

**આટલા ટ્રાફિક સિગ્નલની બેટરી ચોરી હતી**

| પોલીસ સ્ટેશન | બેટરીચોરીની સંખ્યા |
|---|---|
| વરાછા | 18 |
| પુણા | 15 |
| મહિધરપુરા | 6 |
| ઉત્રાણ | 6 |

## મનપાના સિનિયર અધિકારીઓ માટે કપરો કાળ? સિટી ઈજનેર આશિષ નાયકે રાજીનામું મૂક્યું

**મનપામાં** વહીવટીપાંખ અને રાજકીય પાંખ વચ્ચે ગજગ્રાહમાં અધિકારીઓ સૂડી વચ્ચે સોપારી જેવી

સુરત : સુરત મહાનગર પાલિકા ઘણા સમયથી ઉચ્ચ અધિકારીઓની અછતથી ગ્રસ્ત છે. એક અધિકારી એકથી વધુ વિભાગના બોજ નીચે દબાયેલા છે. ત્યારે હવે એક પછી એક અધિકારીઓના રાજીનામાં પડી રહ્યાં હોય, મનપામાં હાલ સિનિયર અધિકારીઓ માટે કપરો કાળ ચાલી રહ્યો હોય તેવી સ્થિતી છે. ત્યારે ઈલેકટ્રીક-વોટર વર્કસ, વર્કશોપ વિભાગ સંભાળતા એડીશનલ સિટી ઈજનેર આશિષ નાયકે પણ રાજીનામું આપી દીધુ હોવાનું બહાર આવતા મનપાના વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. જો કે, હાલ મ્યુ.કમિશનરે રાજીનામું મંજૂર કર્યું નથી.

થોડા મહિના અગાઉ શાસકોની નારાજગીનો ભોગ બનેલા એડીશન સિટી ઈજનેર પદેથી ડિ-ગ્રેડ કરી દીધા હતા. જોકે, શાસકો સામે કમિશનર ત્યારે મકકમ રહ્યાં હતા તેથી બીજા અઠવાડિયે મળેલી સ્ટેન્ડીંગમાં આશિષ નાયકને ડી-ગ્રેડ કરતો ઠરાવ રદ કરી દેવાયો હતો. જોકે ત્યારબાદથી આશિષ નાયકનું મોરલ તૂટયું હોય તેવુ જણાતું જ હતું. આવા સંજોગોમાં એડીશનલ સિટી ઈજનેર આશિષ નાયકે વયનિવૃત્તિને હજુ 3 વર્ષનો સમય બાકી હોવા છતા અંગત કારણોસર રાજીનામું આપી દીધું હતું જોકે મનપા કમિશનરે રાજીનામું સ્વીકાર્યું નહીં હોવાનું અને રાજીનામું પાછુ ખેંચાવવા સમજાટ ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

## કહેવાતા સુરત સ્માર્ટ સિટીના બોર્ડ નીચે જ ગટરીયા ગંદા પાણીનું તળાવ અઠવાડિયાથી ભરેલું છે

સુરત : વરાછા ઝોનની મુખ્ય ઓફિસથી માત્ર પાંચસો મીટરના અંતરે બોમ્બે માર્કેટના ગેટની સામે જ ગટરીયું પાણી ભરાયું છે. લગભગ અઠવાડિયાથી આ પાણી ભરાયું છે, રોજ હજારોની સંખ્યામાં લોકો હાલાકીમાંથી પસાર થાય છે, છતાં ઝોનના તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાતા લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે. આ મુદ્દે ફરિયાદ કરનાર આપના નગર સેવક વિપુલભાઈ સુહાગીયાએ જણાવ્યું હતું કે, જુની બોમ્બે માર્કેટના ગેટની સામે બરાબર ટ્રાફિક સર્કલ પર અઠવાડિયાથી ગટરીયા ગંદા પાણીના તળાવના કારણે લાખો લોકો હેરાન પરેશાન થાય છે. સાડીના વેપારીઓના તાકાના પાર્સલો પણ રિક્ષામાંથી આ તળાવમાં પડતા જાય છે. રસ્તે ચાલતા રાહદારીઓ પણ આ ગંદા પાણીની ગટરમાં ફસાઈ રહ્યાં છે. આટલી ખરાબ પરિસ્થિતિ છે તો પણ માંડ પાંચસો મીટર પર આવેલી વરાછા ઝોન ઓફિસના અધિકારીઓનાં પેટનું પાણી નથી હાલતું તે દુઃખદ બાબત છે. વિપુલભાઈ સુહાગીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આ ગટરીયા ગંદા તળાવના કારણે જુની બોમ્બે માર્કેટથી નવી બોમ્બે માર્કેટ સુધી ટ્રાફિક જામ થાય છે.

## કતારગામમાં વડીલની સ્મશાનયાત્રા ઢોલ-નગારા સાથે નીકળી



સુરતઃ સમાજમાં જ્યારે પણ કોઈ વ્યકિતનું મૃત્યું થાય ત્યારે ખૂબ દુઃખની સાથે લોકો તે વ્યકિતને વિદાય આપતા હોય છે અને અંતિમયાત્રામાં ગમગીની છવાયેલી હોય છે. પરંતુ ઘણીવાર જ્યારે કોઈ વ્યક્તિ ખૂબ મોટી ઉંમરે સ્વર્ગવાસ પામતા હોય ત્યારે ઘણીવાર લોકો તેમને વાજતે ગાજતે પણ વિદાય આપતા હોય છે. તેવો જ કિસ્સો શહેરના કતારગામ વિસ્તારમાં બન્યો હતો. કતારગામમાં રહેતા અને સત્યશોધક સભા સાથે સંકળાયેલા માધુભાઇ કાકડિયાનાં માતાનું આજે 95 વર્ષની ઉંમરે અવસાન થયું હતુ. તેમના અવસાન બાદ સ્મશાન યાત્રા નીકળી હતી. તેમાં ઢોલ નગારા વગાડવા સાથે સોસાયટીના આખા રસ્તા પર સ્વસ્તિકના સાથિયા બનાવવામાં આવ્યા હતા. મૃત્યુની સ્મશાન યાત્રાને આ પરિવારે ઉત્સવ બનાવી દીધો હતો.

## કાર કૌભાંડમાં બુટલેગર અલ્પેશ જાડિયાના સાગરીત મયૂર ઉર્ફે સનીની ધરપકડ

સુરતઃ રાજ્યવ્યાપી કરોડોના કાર કૌભાંડમાં ટૂર એન્ડ ટ્રાવેલના નામે ઊંચું ભાડું આપવાની લાલચ આપી લોકો પાસે ગાડીઓ મેળવી લેવાતું હતું. બાદમાં ગાડીઓ બારોબાર વેચી મારવાના કૌભાંડમાં અલ્પેશ જાડિયા અને તેના સાગરીતો વિરુદ્ધ ગુનાઓ નોંધાયા હતા. જે ગુનામાં વોન્ટેડ આરોપીને ઝોન-1 એલસીબીની ટીમે પકડી પાડ્યો હતો. આરોપી મયૂર ટૂર એન્ડ ટ્રાવેલ્સનું કામકાજ કરતો હતો. ફોર વ્હીલ ગાડીના માલિકોને તેમની ફોર વ્હીલર ગાડીને સારી કંપનીમાં ભાડેથી મૂકી મહિને ભાડું સારું આપવાની લાલચ આપતો હતો. આમ લાલચ આપી ગાડી માલિકોને વિશ્વાસમાં લઈ તેમની પાસે ફોર વ્હીલ ગાડી ભાડે લઈ લેતા હતા. શરૂઆતમાં બે-ત્રણ મહિના સમયસર ભાડું ફોર વ્હીલ માલિકોને આપતા હતા. આ ગુનામાં ગુનાઓમાં વોન્ટેડ આરોપી મયૂર ઉર્ફે સની વસંતભાઈ સાંડીસ (ઉ.વ.28) (રહે., રૂદરપુરા)ને ઝોન-1 એલસીબીની ટીમે પકડી પડ્યો હતો.














